હરિઃ ૐ

# હૈયાનાં પારખાં

— મુકુલ કલાર્થી



હરિઃ ૐ આશ્રમ પ્રકાશન



પૂજ્ય શ્રીમોટા

જન્મ : ૪-૯-૧૮૯૮ દેહોત્સર્ગ : ૨૩-૭-૧૯૭૬

હરિઃ ૐ

હરિઃ ૐ આશ્રમ સંચાલિત

ગિજુભાઈ સ્મારક બાલજીવન ઘડતર યોજના

પુષ્પ ચોવીસમું

# હૈયાનાં પારખાં

(ગુણ-ભાવ પ્રેરક વાર્તાઓ)

લેખક

શ્રી. મુકુલભાઈ કલાર્થી

હરિઃ ૐ આશ્રમ પ્રકાશન

● પ્રકાશક : હરિઃ ૐ આશ્રમ, નડિયાદ–૩૮૭૦૦૧

© શ્રી મુકુલભાઈ કલાર્થી

● પ્રથમ આવૃત્તિ : ઓગસ્ટ ૧૯૮૪

● પ્રત : ૫૦૦૦

● પૃષ્ઠ : ૪૮ + ૮ = ૫૬

● પૂજ્ય શ્રીમોટાનો ફોટો તથા ૬ રેખાચિત્રો

● કિંમત રૂપિયા ૩–૫૦

● પ્રાપ્તિસ્થાન :
(૧) હરિઃ ૐ આશ્રમ, નડિયાદ–૩૮૭૦૦૧
(૨) હરિઃ ૐ આશ્રમ, સુરત–૩૯૫૦૦૫

● આવરણ–
શ્રી મયૂર જે. જાની
૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર,
પાલડી, અમદાવાદ ૩૮૦૦૦૭

● મુદ્રક :
પ્રવીણચંદ્ર નટવરલાલ ગામી
પ્રણવ પ્રિન્ટર્સ,
૧૧/અ, વિજય કોલોની,
સરદાર પટેલ કોલોની પાસે,
ઉસ્માનપુરા, અમદાવાદ–૩૮૦ ૦૧૩

# સમર્પણાંજલિ

પૂજ્ય શ્રીમોટા અને હરિઃ ૐ આશ્રમ સાથે
શરૂઆતથી સંકળાઈને
પોતાના બૃહદ્ કુટુંબને પણ સંકળાવ્યું
તથા
મૌન એકાંતની સાધનાને જીવનમાં મહત્ત્વની ગણીને
સંજોગ શક્તિ અનુસાર તેનો ઠીક લાભ પણ ઉઠાવ્યો
અને
આશ્રમને હંમેશાં બધા પ્રકારે સહાયક રહ્યા છે
એવા
શ્રી બાબુભાઈ રણછોડદાસ તમાકુવાળા (સુરત)ને
સસ્નેહ સમર્પણ

—નંદુભાઈ

હરિઃ ૐ

# નિવેદન

શ્રી ગિજુભાઈ સ્મારક બાલજીવન ઘડતર યોજનામાં પુષ્પ ચોવીસમું 'હૈયાનાં પારખાં' હરિઃ ૐ પ્રકાશન તરીકે પ્રસિદ્ધ કરતાં આનંદ થાય છે.

આ પુસ્તિકાના લેખક શ્રીમુકુલભાઈ કલાર્થી–આવી ગુણ-ભાવ પ્રેરક વાર્તાઓના સિદ્ધહસ્ત લેખક–નો અમોને સહકાર સાંપડ્યો છે એ અમો માટે આનંદનો વિષય છે. અમે એમના આભારી છીએ.

પંકજ પ્રોસેસ સ્ટુડિયો, રાયપુર, અમદાવાદના માલિકો શ્રી રમેશભાઈ સરૈયા અને ભરતભાઈ સરૈયા વિના મૂલ્યે અમને કાયમ ટાઇટલ પૃષ્ઠનો બ્લોક તથા રેખાચિત્રોના બ્લોકો ભાવથી બનાવી આપે છે. અમો તેમનો ઘણો આભાર માનીએ છીએ.

તા. ૧૨/૪/૮૪
હરિઃ ૐ આશ્રમ, નડિયાદ

નંદુભાઈ
મેનેજિંગ ટ્રસ્ટી

૫

# મંદિર તારું વિશ્વ રૂપાળું

મંદિર તારું વિશ્વ રૂપાળું
સુંદર સર્જનહારા રે.

પળ પળ તારાં દર્શન થાયે
દેખે દેખનહારા રે.

મંદિરમાં તું ક્યાં છુપાયો
શોધે બાળક તારાં રે.

નહીં પૂજારી નહીં કોઈ દેવ
નહીં મંદિરને તાળાં રે.

૬

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. બાળકની પ્રાર્થના | ૧ |
| ૨. છોકરાનું ભાવિ ઉજાળ્યું | ૪ |
| ૩. વિદ્યાર્થીની મદદે વિદ્યાર્થી | ૧૦ |
| ૪. આવો શોખ ન પાલવે | ૧૪ |
| ૫. ચોર બની ગયો ભગત | ૧૭ |
| ૬. ભૂખ્યાને ઉપદેશ નકામો | ૨૪ |
| ૭. આગ સમાન ક્રોધ | ૨૭ |
| ૮. કલાની કદર | ૩૧ |
| ૯. કડવી યાદ ફેંકાઈ ગઈ | ૩૫ |
| ૧૦. સુખ-દુઃખ શું છે? | ૩૮ |
| ૧૧. અર્જુને શું માગ્યું? | ૪૦ |

# હરિ: ૐ આશ્રમ પ્રેરિત અન્ય પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| ૧. | હબસીઓનો પનોતો પુત્ર | ગદ્ય | ૮–૦૦ |
| ૨. | શૂન્યમાંથી સર્જન | ,, | ૬–૦૦ |
| ૩. | અંતિમ ઝાંખી | ગદ્ય | ૧–૫૦ |
| ૪. | પદરજનો પ્રતાપ | ,, | ૩–૫૦ |
| ૫. | આશ્રમની અટારીએ | ,, | ૧૦–૦૦ |
| ૬. | પ્રેરણાનું ભાથું (૫૦ પ્રેરક પ્રસંગો) | | ૬–૦૦ |
| ૭. | દામ્પત્યભાવના | ,, ,, | ૨૦–૦૦ |
| ૮. | વિધિવિધાન પૂ. મોટાએ રચિત | | ૨–૦૦ |
| ૯. | કસરતો–૪ | | ૪૦–૦૦ |
| ૧૦. | ખેલકૂદ–૫ | | ૩૭–૯૫ |
| ૧૧. | ભારતદર્શન | | ૪૦–૦૦ |
| ૧૨. | રસાયણવિજ્ઞાન–૫ | | ૫૦–૦૦ |
| ૧૩. | ,, ૬ | | ૫૦–૦૦ |
| ૧૪. | ,, ૭ | | ૫૦–૦૦ |
| ૧૫. | પ્રતિભાની પ્રતિમા | પ્રભાશંકર પટ્ટણીના જીવનપ્રસંગો | ૭–૫૦ |
| ૧૬. | હિંદુ દર્શન | | ૧૫–૦૦ |
| ૧૭. | જૈન દર્શન | | ૧૮–૦૦ |
| ૧૮. | ઇસ્લામ દર્શન | | ૧૨–૦૦ |
| ૧૯. | બૌદ્ધ દર્શન | | ૧૫–૦૦ |
| ૨૦. | ખ્રિસ્તિ દર્શન | | ૧૩–૦૦ |
| ૨૧. | પ્રાર્થનાપોથી | | ૧–૦૦ |
| ૨૨. | માતૃદર્શન | | ૮–૦૦ |
| ૨૩. | ભારત મારો દેશ | | ૧૫–૦૦ |
| ૨૪. | સમુદ્રની અજાયબ જીવસૃષ્ટિ | | ૨૬–૦૦ |

# હરિઃ ૐ આશ્રમ પ્રેરિત કિશોર અને બાલસાહિત્ય

| | | | |
|---|---|---|---|
| ૧. | શિશુ રામાયણ | (રંગીન ચિત્રો સાથે) | ૧૦–૦૦ |
| ૨. | શિશુ મહાભારત | ,, | ૧૦–૦૦ |
| ૩. | વીર વિક્રમ | ,, | ૩–૫૦ |
| ૪. | લાકડાનો ઘોડો | ,, | ૩–૫૦ |
| ૫. | ઘેલો ભટ્ટ | ,, | ૩–૫૦ |
| ૬. | શૈશવની ફોરમ | — | ૨–૭૫ |
| ૭. | મનની મોટાઈ | — | ૨–૨૫ |
| ૮. | છીપલાંનાં મોતી | (સચિત્ર) | ૫–૦૦ |
| ૯. | અમીછાંટણું | — | ૩–૦૦ |
| ૧૦. | મહેનતની મીઠાશ | — | ૩–૦૦ |
| ૧૧. | ધરતીની મહેક | (રેખાચિત્રો સાથે) | ૩–૦૦ |
| ૧૨. | ગાગરમાં ભર્યો સાગર | ,, | ૩–૦૦ |
| ૧૩. | બાલવાડીનાં ફૂલડાં | — | ૩–૦૦ |
| ૧૪. | વાંચવા જેવી વાતો | (રેખાચિત્રો સાથે) | ૨–૫૦ |
| ૧૫. | મૂઠી મહાન | ,, | ૮–૦૦ |
| ૧૬. | પૂજ્યશ્રી મોટા | — | ૨–૦૦ |
| ૧૭. | રસભરી વાતો | (રેખાચિત્રો સાથે) | ૩–૦૦ |
| ૧૮. | મોટાઈની ચડસાચડસી | ,, | ૩–૦૦ |
| ૧૯. | પીડ પરાઈ જાણે રે | ,, | ૩–૦૦ |
| ૨૦. | સાચને કદી આંચ નહિ | ,, | ૩–૦૦ |
| ૨૧. | મીઠી મઝાની વાતો | ,, | ૩–૦૦ |
| ૨૨. | સુવર્ણની માયા | ,, | ૩–૦૦ |
| ૨૩. | હૈયાનાં પારખાં | ,, | ૩–૫૦ |

# ૧

# બાળકની પ્રાર્થના

એક હતું ગામ.

તેમાં ખ્રિસ્તી ધર્મના લોકો રહેતા હતા.

ગામમાં તેમનું દેવળ હતું.

દેવળમાં રવિવારે સવારે પ્રાર્થના થાય.

તેમનો ધર્મગુરુ પાદરી કહેવાય.

રવિવારનો દિવસ હતો.

દેવળમાં બધાં સવારની પ્રાર્થના કરવા માટે ભેગાં થયાં હતાં.

એમાં એક પાંચ વરસનો બાળક હતો.

તે એક ખૂણામાં ઊભો ઊભો આંખો મીંચીને પ્રભુની પ્રાર્થના કરતો હતો.

પ્રાર્થનામાં એ બાળક એકાગ્ર થઈ ગયો હતો.

પાદરીની નજર એ બાળક પર પડી.

આટલા નાના બાળકને આ રીતે પ્રાર્થનામાં તલ્લીન જોઈને પાદરીને બહુ નવાઈ લાગી!

પાદરીને મનમાં થયું:



'હું કેટલાંય વરસોથી ભગવાનની ભક્તિ કરું છું.

'પણ આ બાળક જેટલો તલ્લીન કદી થઈ શકતો નથી!

'આ બાળક કેટલો તલ્લીન થઈ ગયો છે!

'એ શી પ્રાર્થના કરતો હશે?'

દેવળની પ્રાર્થના પૂરી થઈ.

લોકો ધીમે ધીમે જવા લાગ્યા.

પાદરી પેલા બાળક પાસે ગયા.

તેના માથા પર હેતથી હાથ ફેરવતા ફેરવતા વૃદ્ધ પાદરી બોલ્યા :

'બેટા, દેવળમાં ઊભો ઊભો શું કરતો હતો?'
બાળક સહજ ભાવે બોલ્યો :
'ફાધર, પ્રાર્થના કરતો હતો.'
ખ્રિસ્તી લોકો ધર્મગુરુને 'ફાધર' નામે સંબોધે છે.

પાદરીએ વહાલભર્યા અવાજે પૂછ્યું :
'બેટા, તું પ્રાર્થનામાં ભગવાનને શું કહે છે?
'તું મને તારી પ્રાર્થના સંભળાવીશ?'
બાળક નિર્દોષ ભાવે કહે :
'ફાધર, મારી બાએ મને આજે પ્રાર્થના કરવા મોકલ્યો છે.

'મને હજી પ્રભુની પ્રાર્થના નથી આવડતી!
'એટલે હું આંખો મીંચીને આખી એ. બી. સી. ડી. બરોબર ઘણી વાર બોલી ગયો.

'પછી મેં ભગવાનને કહ્યું :
'ભગવાન, હું નાનો બાળક છું.
'મને તારી પ્રાર્થના નથી આવડતી.
'હું આખી એ. બા. સી. ડી. તારી આગળ બોલી ગયો છું.

'આમાંથી તને ગમે એવી પ્રાર્થના બનાવી લેજે.'

પાદરી તો બાળકની વાત સાંભળીને છક થઈ ગયા !

તેમની આંખ ભીની થઈ ગઈ.

બાળકના વાંસા પર હેતથી હાથ ફેરવીને વયોવૃદ્ધ પાદરી બોલ્યા :

'બેટા, તારી પ્રાર્થના પ્રભુએ જરૂર સાંભળી હશે.

'પ્રભુ તારું ભલું કરે !'

## ૨

## છોકરાનું ભાવિ ઉજાળ્યું

એક મોટા કેળવણીકાર થઈ ગયા.

તેમનું નામ હતું :

શ્રી મોતીભાઈ અમીન.

ગાંધીજીએ તેમની કદર કરતાં કહ્યું હતું :

"મોતીભાઈ તો 'ચરોતરનું મોતી' છે."

મોતીભાઈ જાગ્રત શિક્ષક હતા.

તેઓ વિદ્યાર્થીઓના સાચા ચાહક હતા.

વિદ્યાર્થીઓના ભીડભંજક વિદ્યાગુરુ હતા.

તેઓ ગરીબ, અસહાય, મૂંઝાયેલા વિદ્યાર્થીઓને શોધી કાઢતા.

તેમને યોગ્ય સહારો આપતા.

સક્રિય મદદ કરવા સદા તત્પર રહેતા.

એક વિદ્યાર્થી પેટલાદ બાર્ડિંગમાં રહીને ભણતો હતો.

તે અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં નાપાસ થયો.

એટલે તેના બાપા નારાજ થયા.

તેને તેડી જવા છાત્રાલયમાં આવ્યા.

બાપાએ દીકરાને કહ્યું :

'હવે તારે ભણવાનું નથી.

'મહિને નવ–દશ રૂપિયાનો ખરચ આવે છે.

'એ મને પોસાય એમ નથી.

'પાસ થયો હોત, તો ભણાવત.

'આજે સાંજે જ ઘેર જવા નીકળીશું.

'માટે તારો બિસ્તરો બાંધીને બધું તૈયાર રાખજે.

'હું હમણાં બજારમાં જઈ આવું છું.

'પછી આપણે સ્ટેશને જઈશું.'

એમ કહીને બાપા ગયા.

છોકરો બાપડો હતાશ થઈ ગયો !

બાપા બહુ કડક.

એટલે હવે તેને ઘેર ગયા વિના છૂટકો ન હતો.

તેને ભણવાની હોંશ હતી.

પણ શું થાય?

તેણે બિસ્તરો બાંધ્યો.

બાપાની રાહ જોતો તે છાત્રાલયને બાંકડે બેઠો.

બેઠો બેઠો રડવા લાગ્યો.

એવામાં ત્યાં થઈને મોતીભાઈ નીકળ્યા.

તેમણે પેલા વિદ્યાર્થીને એકલો બેઠો બેઠો રડતો જોયો.

મોતીભાઈએ એને બોલાવ્યો.

રડવાનું કારણ પૂછ્યું.

એટલે પેલા છોકરાએ ડૂસકાં ભરતાં ભરતાં બધી વાત એમને કહી.

મોતીભાઈએ તેને પૂછ્યું :

'બોલ, તારે શું કરવું છે?'

છોકરાએ જવાબ આપ્યો :

'સાહેબ, મારે તો ભણવું જ છે.

'હવે ફરીથી નાપાસ નહિ થાઉં.

'મારે તો મોટા થઈને દાક્તર થવું છે.'

મોતીભાઈ છોકરાનો રણકો પારખી ગયા.

તે છોકરો ઉત્સાહી અને મહત્ત્વાકાંક્ષી લાગ્યો.

મોતીભાઈએ તેને કહ્યું :

'સારું, તારા બાપુજી આવે, તો એમને મારી પાસે મોકલજે.

'હું કાર્યાલયમાં બેઠો છું.'

થોડી વાર પછી બાપા આવ્યા.

છોકરો તેમને કાર્યાલયમાં લઈ ગયો.

મોતીભાઈએ તેમને કહ્યું :

'તમારા દીકરાને ભણવું છે, તો ભણવા દોને !

'પાસ-નાપાસ જુદી વાત છે.

'હું ભણતો હતો, ત્યારે દર વરસે નાપાસ થતો હતો.

'દરેક વર્ગમાં બબ્બે વખત બેઠેલો.

'તમારો દીકરો એક વખત નાપાસ થયો.

'એટલે હવે તે ભણી જ નહિ શકે, એવું ન માનશો.

'બોલો, તમારે આ બાબતમાં શું કહેવું છે?'

છોકરાના પિતાએ કહ્યું :

'સાહેબ, તમારી વાત સાચી છે.

'નાપાસ થયો, એટલે તે ન જ ભણી શકે, એમ હું નથી કહેતો.

'પણ મારે તેને દર મહિને ખરચ આપવું પડે છે.

'એ મને પોસાય એમ નથી!

'પાસ થયો હોત, તો મુશ્કેલી વેઠીને પણ જરૂર ભણાવત.

'પણ આ તો બાર મહિને સો-સવાસોની ઊઠે!

'ઘેર આવશે, તો ખેતીના કામે લાગશે.

'ઘરની ખેતી સાચવશે, તોયે બસ.'

મોતીભાઈએ પૂછ્યું :

'પણ જો તે તમારી પાસે બિલકુલ પૈસા જ ન માગે તો?'

પિતા બોલ્યા :

'તે ન માગે, તો જે પૈસા આપે, એ તો માગે ને?

'મારે દેવું કરવું પાલવે એમ નથી.'

મોતીભાઈએ પૂછ્યું :

'તમારી પાસે આપનાર પણ ન માગે તો?'

પિતા હસતા હસતા કહે :

'સાહેબ, તો મને કશી હરકત નથી.

'ભલે છોકરો ભણે.

'એ સારી રીતે ભણે–ગણે, એ તો મને ગમે છે જ.

'તેથી તો એને અહીં ભણવા મોકલેલો.

'એનું ભવિષ્ય સુધરે, તો અમે રાજી.'

આમ મોતીભાઈએ છોકરાના પિતાને ધરપત આપી.

પિતા હળવા મને ઘેર ગયા.

છોકરો છાત્રાલયમાં જ રહ્યો.

મોતીભાઈએ પેલા છોકરાને કહ્યું :

'તારાથી જેટલું ભણાય, એટલું આગળ ભણજે.

'પૈસા માટે કદીય ઘેર ન લખવું.

'તું તારે ચિંતા કર્યા વિના ભણ્યા કર.'

છોકરો મોતીભાઈનો આભાર માની છાત્રાલયમાં ગયો.

આવા પ્રોત્સાહનથી તેને ભણવાની ચાનક લાગી.

પછી તો મોતીભાઈની મદદથી તે ભણવા વિલાયત પણ ગયો.

ડૉક્ટર બનીને દેશમાં આવ્યો.

આ છોકરો તે અમદાવાદના જાણીતા સર્જન :

ડૉ. મોતીભાઈ પટેલ.

# ૩

# વિદ્યાર્થીની મદદે વિદ્યાર્થી

સૌરાષ્ટ્રમાં ભાવનગરનું દેશી રાજ્ય.

એના દીવાન હતા :

શ્રી પ્રભાશંકરભાઈ પટ્ટણી.

પ્રભાશંકરભાઈ ભારે દાનેશરી હતા.

તેમના નાનપણની આ વાત છે.

પ્રભાશંકરભાઈ અંગ્રેજી પહેલી ચોપડીમાં ભણતા હતા.

એમના વર્ગમાં એક વિદ્યાર્થી હતો.

તે ગરીબ હતો.

તે અંગ્રેજી ચોપડી ખરીદી શકતો ન હતો.

શિક્ષક તેને વારંવાર ચેતવણી આપતા હતા.

એક દિવસ શિક્ષક તેના પર બહુ ગુસ્સે થઈ ગયા.

શિક્ષક પાસે સોટી ન હતી.

શિક્ષકે આંકણી વડે એ બિચારા વિદ્યાર્થીને ખૂબ ફટકાર્યો !

નાનકડા પ્રભાશંકરભાઈ આ જોઈને બહુ

દુઃખી થયા.

પ્રભાશંકરભાઈને થયું :

'હું મારી ચોપડી આપી દેત.

'પણ એ ચોપડી કાકાની છે.

'મારાથી એમની રજા વિના શી રીતે અપાય?"

પ્રભાશંકરભાઈના ઘરની સ્થિતિ પણ નબળી હતી.

સાંજે પ્રભાશંકરભાઈ ઘેર આવ્યા.

તે કાકા પાસે જઈને બોલ્યા :

'કેશવ કાકા, એક વાત કહું?

'મારા વર્ગમાં એક છોકરો બહુ ગરીબ છે.

'એ બિચારા પાસે અંગ્રેજી ચોપડી નથી.

'અમારા શિક્ષક તેને રોજ વઢે છે.

'પણ બિચારો શું કરે?

'પૈસા હોય, તો ખરીદે ને!

'આજે શિક્ષક બહુ ગુસ્સે થઈ ગયા.

'એ બિચારાને આંકણીથી ખૂબ માર્યો!"

પછી પ્રભાશંકરભાઈ જરા અટકી ગયા.

તેમનું દિલ ભરાઈ આવ્યું.

ગળું સાફ કરીને તે આગળ બોલ્યા :

'કાકા, આ જોઈને મને મારી ચોપડી એને

આપી દેવાનું મન થઈ ગયું.

'પણ એ ચોપડી તો તમારી છે.

'તમને પૂછ્યા વગર કેમ અપાય?'

આ સાંભળીને કેશવલાલકાકા રાજી થઈ ગયા.

તેમણે પ્રભાશંકરભાઈનો વાંસો થાબડ્યો.

કાકા કહે :

'તારો વિચાર બહુ સારો છે.

'તું ખુશીથી એ ચોપડી તેને આપજે.

'પણ પછી તું શું કરીશ?

'લાવ, એ ચોપડી મને આપ.

'તારે માટે એની હું નકલ તૈયાર કરી આપીશ.

'એ નકલ તું વાપરજે.'

કેશવલાલકાકા આખી રાત જાગ્યા.

તેમણે ઘણા સારા અક્ષરે એ ચોપડીની નકલ કરવા માંડી.

સવાર સુધીમાં નકલ તૈયાર કરી નાખી.

કેશવકાકાએ સવારે એ નકલ કરેલી ચોપડી પ્રભાશંકરભાઈને આપી.

પ્રભાશંકરભાઈ રાજી રાજી થઈ ગયા.

સવારે જ પ્રભાશંકરભાઈએ કાકાવાળી અંગ્રેજી છાપેલી ચોપડી લીધી.

પેલા છોકરાને ઘેર ગયા.
ચોપડી છોકરાને આપી.
છોકરો પણ રાજી થયો.



નિશાળમાં શિક્ષકે પેલા છોકરા પાસે પ્રભા-શંકરભાઈની ચોપડી જોઈ.

શિક્ષકે પ્રભાશંકરભાઈને પૂછ્યું :

'તેં તારી ચોપડી આ વિદ્યાર્થીને આપી દીધી કે ?'

પ્રભાશંકરભાઈએ કહ્યું :

'સાહેબ, એ ચોપડી મારા કાકાની છે.

'મારા કાકાએ એ ચોપડી એને આપવા મને કહ્યું.

'એટલે હું એને ઘેર જઈ આપી આવ્યો.'

પ્રભાશંકરભાઈ કાકાએ નકલ કરી આપેલી ચોપડી વડે ભણ્યા.

## ૪

## આવો શોખ ન પાલવે

શ્રીમોટા ગુજરાતના એક મોટા સંત થઈ ગયા.
તેઓ ગરીબાઈમાં ભણ્યા હતા.
મહેનત-મજૂરી કરીને ભણ્યા હતા.
મોટા વડોદરા કૉલેજમાં ભણતા હતા.
એક ભાઈ કૉલેજમાં ફેલો હતા.
એમની ઓરડી હૉસ્ટેલમાં હતી.
મોટા તેમને ઓળખતા હતા.
મોટાએ તેમને વિનંતી કરી :
'ભાઈ, મારા પર મહેરબાની કરો.
'મારી ગરીબ સ્થિતિ તમે જાણો છો.
'હૉસ્ટેલનું ખરચ મારાથી પોસાય નહિ.

'મને તમારી રૂમમાં રહેવા દો.

'ઓરડીને હું સાફસૂફ રાખીશ.

'તમારું બધું કામકાજ કરીશ.'

એ ભાઈએ ખુશીથી હા કહી.

હવે કૉલેજ હૉસ્ટેલમાં કેટલાક વિદ્યાર્થીઓ 'ચા કલબ' ચલાવતા હતા.

મોટા એ વિદ્યાર્થીઓને ચા બનાવી આપતા.

દિવસમાં બે–ત્રણ વાર ચા થતી.

વળી કોઈ વિદ્યાર્થી મોટાને નાનું-મોટું કંઈ ને કંઈ કામ સોંપતા.

મોટા એ કામ પ્રેમથી કરતા.

મોટા બીજાને માટે ઘસાઈ છૂટવામાં માનતા.

આમ કરવાથી સહેજે આપણે તેના દિલમાં સ્થાન મેળવીએ છીએ.

તેમની સાથે સ્નેહ-સંબંધ બંધાય છે.

એટલે મોટા ભણવાની સાથે સાથે ઘણા જણનું કામ પણ કરતા.

મોટા સૌનું કામ આનંદથી કરતા.

એટલે કામ તેમને વેઠ જેવું નહિ લાગતું.

સૌ વિદ્યાર્થીઓ પણ તેમની સાથે મીઠો સંબંધ રાખતા.

જરૂર પડયે રાજીખુશીથી મદદ પણ કરતા.

એ વિદ્યાર્થીઓ કોઈ કોઈ વાર નાટક સિનેમા જોવા જતા.

તેઓ મોટાને તો ક્યાંથી ભૂલે?

તેઓ તેમને પણ સાથે લઈ જતા.

તેમની ટિકિટ પણ કાઢતા.

એ વિદ્યાર્થીઓ રજાને દિવસે ક્યાંક ફરવા જતા.

મોટાને સાથે લઈ ગયા વિના તેઓ રહેતા નહિ.

મોટા એ સૌની સાથે જાય પણ ખરા.

પરંતુ એ સૌને ઉપયોગમાં આવી શકાય, એમ વર્તવાનું રાખતા.

નકામી ચર્ચા કે વાદવિવાદમાં પડતા નહિ.

કોઈનું મનદુઃખ ન થાય, એની ખાસ સંભાળ મોટા રાખતા.

હવે એક દિવસ મોટાને મનમાં થયું :

'આજે એકલો સિનેમા જોવા જાઉં.'

વિચાર તો આવ્યો.

પણ તેનો અમલ કરવો સહેલો ન હતો.

સિનેમા એકલા જવું એટલે ?

એકલા જવું હોય, તો ટિકિટ જાતે કાઢવી પડે.

ટિકિટ કાઢવા માટે ખીસામાં પૈસા જોઈએ.

મોટાનું એ ગજું ન હતું!

એટલા પૈસા કાઢવા ક્યાંથી?

મોટાના દિલમાં મંથન જાગ્યું.

છેવટે મોટાએ સંકલ્પ કર્યો:

'મિત્ર સિનેમા જોવા લઈ જાય, તોયે કદી ન જવું.

'કારણ કે સિનેમા જોવાની ટેવ પડી જાય.

'પછી કોઈ વાર એકલા જોવાનું મન થાય!

'માટે સારામાં સારો રસ્તો કયો?

'સિનેમા જોવાનું જ બંધ કરવું.

'મિત્રોને નમ્રતાથી ના પાડવી.

'ગરીબને આવો શોખ ન પાલવે.'

## ૫

# ચોર બની ગયો ભગત

સ્વામી સહજાનંદ નામે મોટા મહાપુરુષ થઈ ગયા.

તેમણે સ્વામીનારાયણ સંપ્રદાય શરૂ કર્યો હતો.
સ્વામી સહજાનંદને સ્વામીનારાયણ પણ કહે છે.
સ્વામીજીના સમયમાં એક માથાભારે માણસ થઈ ગયો.
તે મોટી મોટી ચોરી કરતો.
લોકો એનાથી ડરતા.
જોબન વડતાળિયો એનું નામ.
વડતાળ એનું ગામ.
એટલે જોબન વડતાળિયો.
એની આંખે કંઈ ચડવું જોઈએ.
તે મેળવ્યા વિના જોબન વડતાળિયો રહે નહિ.
તે વસ્તુ મેળવીને જ એ જંપે.
હવે સ્વામી સહજાનંદ પાસે એક ઘોડો હતો.
ઘોડો બહુ જ સુંદર હતો.
આવો ઉમદા ઘોડો જોબને કદી જોયો ન હતો.
એ ઘોડો તેની આંખમાં વસી ગયો.
તેને મનમાં થયું :
'આવો સરસ ઘોડો મારી પાસે હોય, તો કેવું સારું !
'કોઈ પણ હિસાબે મારે એને મેળવવો.
'એને ચોરતાં કેટલી વાર?'

જોબન વડતાળિયો ઘોડાને છાનોમાનો ઉપાડી જવા તૈયાર થયો.

જોબન રાતે ઘોડાને ચોરવા તબેલામાં ગયો.

પણ જુએ, તો સ્વામી સહજાનંદ ઘોડા પાસે હાજર!

તે ખાલી હાથે પાછો ફર્યો.

બીજી વાર મધરાતે ગયો.

તો આ શું?



સ્વામીનારાયણ ત્યારે પણ હાજરાહજૂર!

વડતાળિયો હાથ ઘસતો પાછો ફર્યો.

ત્રીજી વાર પરોઢિયા વેળાએ તે તબેલામાં ગયો.

આ તો ભારે થઈ!

આટલી પરોઢમાં પણ સ્વામીનારાયણ માવજત કરતા દેખાયા!

જોબન વડતાળિયો વીલે મોઢે પાછો ફર્યો.

બિચારાને ત્રણેય વાર ખાલી હાથે પાછા જવું પડયું.

બીજે દિવસે વહેલી સવારે જોબન વડતાળિયો ઊઠયો.

વહેલી સવારે સ્વામીજી ભક્તજનો આગળ ઉપદેશ આપતા બેઠા હોય.

જોબન વડતાળિયો ત્યાં ગયો.

સ્વામી સહજાનંદજી એવા ને એવા સ્ફૂર્તિ-વાળા!

રાતના જાગરણની જરાયે અસર એમના મુખ પર દેખાતી ન હતી.

જોબન વડતાળિયો તો આ જોઈ ને ખૂબ નવાઈ પામ્યો!

સભાનો વખત પૂરો થયો.

ભક્તજનો સ્વામીજીને પ્રણામ કરી એક પછી એક જવા લાગ્યા.

જોબન સૌથી છેલ્લો ઊભો થયો.
ધીમે પગલે તે સ્વામીજી પાસે ગયો.
પ્રણામ કરીને તેણે પૂછ્યું :
'મહારાજશ્રી, એક વાત પૂછું ?'
સ્વામીનારાયણ પ્રેમથી બોલ્યા :
'પૂછ, ભાઈ, ખુશીથી પૂછ.'
જોબન વડતાળિયાએ સવાલ પૂછ્યો :
'મહારાજશ્રી, આપ આખી રાત જાગો છો.
'તો પછી દિવસે કામ શી રીતે કરી શકો છો ?
'આપને ઉજાગરો નડતો નથી ?'

આ સાંભળીને સ્વામી સહજાનંદ તો આશ્ચર્ય-માં ડૂબી ગયા !

સ્વામીજી કહે :
'ભાઈ, રાતે તો હું રોજ નિરાંતે ઊંઘી જાઉં છું.
'તું આમ કેમ પૂછે છે ?'
જોબન જરા મૂંઝાઈને બોલ્યો :
'બાપાજી, હું તો ચોર રહ્યો !
'જૂઠુંય બોલું.
'પણ આપ તો મોટા પવિતર મહાત્મા છો.
'આપ તો જૂઠું નહિ જ બોલો.

'તો પછી આપ આમ કેમ બોલો છો ?'

સ્વામી સહજાનંદજી પણ વિચારમાં પડી ગયા. તેમને જોબનની વાતમાં કંઈ ભેદ જણાયો.

સ્વામીજીએ કહ્યું :

'ભાઈ, તારી વાત મને સમજાતી નથી.

'તારે જે કહેવાનું છે એ જરા સાફ સાફ બોલ.

જોબને બધી વાત વિગતે કહી સંભળાવી :

'મહારાજ, આપની આગળ હું જૂઠું નહિ બોલું.

'બાપજી, મને આપનો ઘોડો ખૂબ ગમી ગયો છે.

'મેં એને ચોરવાનો વિચાર કર્યો હતો.

'મહારાજ, રાતે હું ત્રણ ત્રણ વાર આપનો ઘોડો ચોરવા આવ્યો.

'પણ મેં આપને ત્રણેય વાર ઘોડા પાસે જાગતા જોયા !

'પહેલી વાર આવ્યો, ત્યારે આપને ઘોડા પાસે ગમાણમાં ઘાસ સંકોરતા જોયા.

'બીજી વાર મધરાતે આવ્યો.

'તે વખતે આપને ઘોડાને ખરેરો કરતા જોયા.

'પછી ત્રીજી વાર પરોઢિયે આવ્યો.

'જોયું તો, આપ ઘોડાની લાદ વાળતા હતા.

'મહારાજ, મારી સગી આંખે આ બધું મેં જોયું છે.

'શું આપ મારી આ વાતનેય ખોટી માનશો?

'આમાં કોણ ખોટું અને કોણ સાચું?

'કૃપા કરી મને આપ સાચી વાત કહો.'

જોબનની આ વાત સાંભળીને સ્વામીજી ઊંડા વિચારમાં પડી ગયા.

થોડી વાર પછી સ્વામીનારાયણ શાંત અવાજે બોલ્યા :

'ભાઈ, તારી વાત સાચી અને મારી વાત પણ સાચી.

'હું આખી રાત ઊંઘતો હતો, એ સાચું.

'પણ તારું ને મારું રખવાળું કરનાર ભગવાન જાગતો હતો.

'તેં જેને ઘોડા આગળ જાગતો જોયો,

'તે હું નહિ, પણ એ ભગવાન હશે.'

સ્વામીનારાયણની વાત સાંભળીને જોબનનું હૈયું ભરાઈ આવ્યું.

ફાળિયું ઉતારી તે સ્વામીનારાયણનાં ચરણોમાં ઢળી પડચો.

તે ભાવભર્યા અવાજે બોલી ઊઠ્યો :
'બાપજી, મને કંઠી બાંધો.
'આજથી હું આપનો દાસ.'
સ્વામીનારાયણ બોલ્યા :
'ભગત, બહુ બહુ પાળવું પડશે.
'કંઠી બાંધી એટલે શું ?
'ચોરી ન કરાય.
'દારૂ ના પિવાય.
'માંસ ન ખવાય.
'આવું આવું તો ઘણું પાળવું પડશે.
'ભગત, આ બધું પળાશે કે ?'
જોબન વડતાળિયો કહે :
'બધું પાળવા હું તૈયાર છું, બાપજી.'
સ્વામીનારાયણે તેને કંઠી બાંધી.
જોબન ચોર મટી ભગત બની ગયો.

૬

## ભૂખ્યાને ઉપદેશ નકામો

એક દિવસ બપોરની વેળાએ બુદ્ધ ભગવાન અને એમનું શિષ્યમંડળ જમી પરવાર્યાં હતાં.

પછી બુદ્ધ ભગવાન શિષ્યમંડળ આગળ ધર્મ-નો ઉપદેશ આપવા બેઠા.

એવામાં એક ખેડૂત ઉતાવળો ઉતાવળો આવ્યો.

ભગવાનને તે ભક્તિભાવથી પગે પડ્યો.

બુદ્ધ ભગવાને એ ખેડૂત તરફ જોયું.

ભગવાને તરત જ તેના મોં ઉપરથી જાણી લીધું કે,

તે બાપડો ખૂબ થાકેલો અને ભૂખ્યો છે.

બુદ્ધ ભગવાને તેને એ બાબત પૂછપરછ કરી. એટલે ખેડૂત બોલ્યો :

'ભગવાન, મેં આજે વહેલી સવારે સાંભળ્યું કે, આપ અમારા ગામમાં પધાર્યા છો.

'તેથી મેં મનમાં નક્કી કર્યું કે,

'આજે આપનાં દર્શન કરી આપના અમૃત સમાન ઉપદેશનું હું શ્રવણ કરું.

'પરંતુ મારો એક બળદ ક્યાંક જતો રહ્યો છે, એની મને ખબર પડી.

'તેથી હું તેની શોધમાં વનવગડામાં બધે ખૂબ રખડ્યો.

'છેવટે તે હાથ લાગ્યો ખરો.

'તેને ચારોપાણી આપીને હું દોડતો દોડતો

અહીં આવ્યો છું.

'મેં સવારનું કશું ખાધું પણ નથી.

'મને થયું કે, જો હું ખાવા રોકાઈશ, તો આપનો ઉપદેશ સાંભળવાનો લાભ ગુમાવીશ !

'એટલે ખાધા વગર જ હું અહીં આવ્યો છું.

'હવે ઘેર જઈને સાંજે નિરાંતે ખાઈશ.'

બુદ્ધ ભગવાને ત્યાં બેઠેલા ગામલોકોને પૂછ્યું:

'ભાઈઓ, એક માણસ જમી શકે એટલું ભોજન મળી શકશે કે ?

'જો એમ હોય, તો તમે આ ભાઈને પહેલાં જમાડવાની વ્યવસ્થા કરો.'

ગામલોકોએ તરત જ પેલા ભૂખ્યા ખેડૂત માટે ભોજનની વ્યવસ્થા કરી.

થોડી વારમાં પેલો ખેડૂત જમીને આવ્યો.

ત્યાર પછી જ બુદ્ધ ભગવાને ઉપદેશ આપવાની શરૂઆત કરી.

આ જોઈને ભગવાનના કેટલાક શિષ્યોને ખૂબ નવાઈ લાગી.

એક સામાન્ય માણસને ખાતર આટલા બધા લોકોને થોડી વાર શા માટે બેસાડી રાખ્યા ?

ભગવાને ઉપદેશ આપવાના મહાન કાર્યને

બદલે ખેડૂતની ભૂખને શા માટે મહત્ત્વ આપ્યું ?

આવા સવાલો શિષ્યો માંહોમાંહે કરવા લાગ્યા.

આ વાતની બુદ્ધ ભગવાનને ખબર પડી.

એટલે તેમણે પેલા શિષ્યોને બોલાવ્યા.

તેમની મૂંઝવણ સમજી લીધી.

પછી બુદ્ધ ભગવાન બોલ્યા :

'ભિક્ષુઓ, એમાં નવાઈ પામવા જેવું કશું નથી.

'હંમેશાં યાદ રાખજો કે—

'ભૂખ સમાન મોટો રોગ નથી.

'વાસના સમાન મોટું દુઃખ નથી,

'માણસને ભૂખની પીડામાંથી છોડાવવો, એ તેને મોટામાં મોટી મદદ કરવા બરાબર છે.'

## ૭

## આગ સમાન ક્રોધ

એક હતો સાધુ.

તે એક દિવસ ગામલોકો આગળ ક્રોધ વિશે ઉપદેશ આપતો હતો.

ક્રોધ એ કેવી બૂરી ચીજ છે એ સમજાવતાં સાધુ કહે :

'ભાઈઓ, ક્રોધ એ અગ્નિ જેવો છે.

'જેમ આગ એને આશરો આપનારને બાળે છે અને આસપાસ જે કંઈ હોય તેને પણ તપાવે છે,

'તેમ ક્રોધ એને આશરો આપનાર માણસને બાળે છે અને એના સંબંધમાં આવનાર બીજા માણસોને પણ બાળે છે.

'માટે સૌએ ખૂબ સાવધાન રહી ક્રોધને જીતવા પ્રયત્ન કરવો જોઈએ.

'કોઈએ ક્રોધરૂપી શત્રુને વશ ન થવું જોઈએ.'

પ્રવચન પૂરું થયું.

લોકો પોતપોતાને ઘેર ચાલ્યા ગયા.

સાધુ મહારાજ એકલા જ બેઠા હતા.

એવામાં ત્યાં એક માણસ આવ્યો.

માણસે ધીમેથી સાધુને પૂછ્યું :

'બાવાજી, થોડો દેવતા આપશો ?'

સાધુની ઝૂંપડીમાં અંગાર ન હતો.

તેથી સાધુએ કહ્યું :

'ના ભાઈ, દેવતા તો ક્યારનો બુઝાઈ ગયો છે.

'મારી પાસે દેવતા નથી.'

પણ પેલા માણસે ફરી પૂછયું :

'મહારાજ, હશે. જરા જુઓ તો ખરા!

થોડો પણ હોય તો મને આપો.

એ સાંભળીને સાધુએ ભવાં ચડાવી મોટે અવાજે કહ્યું :

'અરે, સાંભળતો નથી?

'એક વાર તો કહ્યું કે, આગ નથી.

'તો પછી શા માટે નકામી જીદ કરે છે?

'કંઈ સમજ–બમજ છે કે નહિ?'

એટલે પેલો માણસ કહે :

'મહારાજ, દબાયેલી ધૂણીમાં આગ દેખાય તો છે.

'અને તમે કહો છો કે, તમારી પાસે આગ નથી!

'હવે થોડી આગ આપતાં શું થઈ ગયું?'

આ સાંભળીને સાધુ એકદમ ગુસ્સે થઈ ગયો.

તે ઊંચે સાદે બોલ્યો :

'કેવો લબાડ માણસ છે!

'હું કહું છું કે, મારી પાસે આગ નથી.

'તોયે માગ માગ કરે છે.

'ચાલ્યો જા અહીંથી!'



પેલો માણસ આ જોઈને પાછો કહેવા લાગ્યો :
'અરે મહારાજ, જુઓ તો ખરા !
'આ ધુમાડો તો નીકળી રહ્યો છે!
'થોડી આગ આપતાં શું થયું ?'
હવે સાધુનો મિજાજ ગયો !
તે ચીપિયો લઈને ઊભો થઈ ગયો.
તે બરાડી ઊઠ્યો :
'અરે મૂર્ખ, જાય છે કે નહિ ?
'નહિ તો હમણાં સીધોદોર કરી મૂકીશ !'
એટલે પેલો માણસ હસતો હસતો બોલ્યો :

'મહારાજ, હવે તો સળગવા લાગી !

'તેના તણખા પણ ઊડી રહ્યા છે !

'જો તમારી પાસે આગ ન હોત, તો શી રીતે આમ થાત ?'

એમ કહીને પેલો માણસ ચાલ્યો ગયો.

થોડી વાર પછી પેલા સાધુને શાંતિથી વિચાર કરતાં સમજાયું કે,

પોતાનામાં રહેલા ક્રોધને જ પેલો ચતુર માણસ આગ કહેતો હતો !

ઉપદેશ આપવો સહેલો છે.

પણ આચરવું ખૂબ અઘરું છે !

## ૮

## કલાની કદર

ઇંગ્લૅંડ દેશમાં એક કલાસંસ્થા છે.

તેનું નામ 'રોયલ ઍકેડેમી.'

એક વાર એ સંસ્થાએ કલાનું પ્રદર્શન ભર્યું હતું.

ઘણા ચિત્રકારોએ પોતાનાં ચિત્રો મોકલ્યાં.

પણ બધાં ચિત્રો પ્રદર્શનમાં શી રીતે મૂકી શકાય ?

તેથી પહેલાં ચિત્રોની પસંદગી કરવી પડે.

એ માટે એક સમિતિ રચવી પડે.

એમાં ચિત્રોના જાણકારોને લેવા પડે.

તેઓ બધા બેસીને ચિત્રો જુએ.

એમાંથી ચિત્રો પસંદ કરે.

પછી એ ચિત્રો પ્રદર્શનમાં મુકાય.

આ પ્રદર્શન માટે પણ સમિતિ રચાઈ.

એ સમિતિમાં એક જાણીતા ચિત્રકાર પણ હતા.

તેમનું નામ હતું ટર્નર.

કુદરત વિશેનાં તેમનાં ચિત્રો આખી દુનિયામાં વખણાય છે.

સમિતિના સભ્યો ચિત્રોની પસંદગી કરવા લાગ્યા.

તે વખતે ટર્નર હાજર ન હતા.

સમિતિએ ચિત્રો પસંદ કરીને ગોઠવવાની શરૂ-આત કરી દીધી.

સમિતિએ ટર્નરનાં જાણીતાં ચિત્રોને યોગ્ય સ્થાને પ્રથમ ટાંગી દીધાં.

પછી ધીમે ધીમે બીજાં બધાં ચિત્રોને ગોઠવી દીધાં.

એવામાં ટર્નર આવ્યા.

તે પ્રદર્શનમાં આવેલાં બધાં ચિત્રોને જોવા બેસી ગયા.

તેમની નજરે એક ચિત્ર પડ્યું.

એ ચિત્ર લઈને તે ધ્યાનથી જોવા લાગ્યા.

એમને એ ચિત્ર પ્રદર્શનમાં મૂકવા જેવું લાગ્યું.

એના ચીતરનાર પણ નવા ઊગતા ચિત્રકાર હતા.

ટર્નર એ ચિત્ર લઈને સમિતિના બીજા સભ્યો પાસે ગયા.

એ ચિત્ર બતાવીને તેમણે પૂછ્યું :

'મિત્રો, આ ચિત્ર તમને ગમે છે કે ?'

ચિત્ર જોઈને સભ્યો બોલ્યા :

'ચિત્ર ઘણું સુંદર છે.

'અમને બધાને ગમી ગયું છે.'

ટર્નરે તરત જ પૂછ્યું :

'તો પછી એને પ્રદર્શનમાં શા માટે ટાંગ્યું નથી?

'એનું શું કારણ ?'

સમિતિના સભ્યો દિલગીરી બતાવતા બોલ્યા :

'ચિત્ર તો મૂકવા જેવું છે જ.

'પણ પ્રદર્શનમાં હવે જગ્યા જ નથી રહી!
'તેથી અમે એને મૂકવાનું જતું કર્યું છે.
'કારણ કે હવે કોનું ચિત્ર ઉતારી લેવું?
'અને એની જગ્યાએ આ ચિત્ર ટાંગવું?
'આ મોટો સવાલ છે!
'અમે પસંદ કરેલાં ચિત્રો પણ સુંદર જ છે.'
ટર્નર બોલી ઊઠ્યા:
'અરે, એમાં તે શી મોટી વાત છે!
'આ ચિત્ર સૌને ગમી ગયું તો છે જ.
'એને પ્રદર્શનમાં સ્થાન મળવું જ જોઈએ.
'જગ્યાનો અભાવ એ કંઈ મોટી વાત નથી.
'એનો વિચાર થઈ શકે એમ છે.
'વળી આ સારો નવો ઊગતો ચિત્રકાર છે.
'એના ઉત્સાહને શા માટે તોડી પાડવો?
'એની કલાની યોગ્ય કદર થવી જોઈએ.'

એમ કહીને ટર્નરે પોતાનું એક ચિત્ર નીચે ઉતારી લીધું.

એની જગ્યાએ પેલું ચિત્ર મૂકી દીધું!
સમિતિના સભ્યોને થયું:
'ટર્નરનું ચિત્ર પેલા ચિત્ર કરતાં વધારે સુંદર હતું.
'એને ટર્નરે ઉતારી લીધું એ ઠીક નહિ.'

પણ સભ્યો ટર્નરની ઉદાર ભાવના જોઈને આનંદ પામ્યા.

## ૯

## કડવી યાદ ફેંકાઈ ગઈ

૧૯૩૦ની સાલમાં સત્યાગ્રહની લડત ચાલતી હતી.

મહાદેવભાઈ દેસાઈ મહાત્મા ગાંધીજીના મંત્રી તરીકે કામ કરતા હતા.

બીજા નેતાઓ સાથે મહાદેવભાઈને પણ અંગ્રેજ સરકારે પકડ્યા.

મહાદેવભાઈને સજા થઈ.

પોલીસ તેમને જેલગાડીમાં બેસાડી સાબરમતી જેલમાં લઈ જવા લાગી.

બહાર લોકોનું ટોળું મહાદેવભાઈનું સ્વાગત કરવા કોર્ટની આગળ ભેગું થયું હતું.

અંગ્રેજ પોલીસ સાર્જંટને આ ગમ્યું નહિ.

એટલે તેણે મહાદેવભાઈને ઝડપથી જેલગાડીમાં બેસાડી દીધા.

પછી ઝડપભેર ગાડી હંકારી મૂકી.

આ જોઈ ને લોકો ઉશ્કેરાયા.

એક જણે રોષમાં આવી જઈ પેલા સાર્જંટ તરફ તાકીને પથરો માર્યો.

પથરો પેલા સાર્જંટને બરાબર દાઢી પર વાગ્યો !

તે એકદમ બૂમ પાડી ઊઠ્યો.

પથરો હાથમાં લઈ ગાળો દેવા લાગ્યો.

મહાદેવભાઈએ સાર્જંટને કહ્યું :

'તમે મોટર જરા થંભાવો.

'હું લોકોને સમજાવું.

'તેમની આ ભૂલ માટે તમારી માફી માગવા તેમને કહું.

'આ સારું નથી થયું !'

પણ પેલા ગુસ્સે થયેલા ગોરાએ માન્યું નહિ.

તે તો એલફેલ બબડવા લાગ્યો.

એટલે મહાદેવભાઈ બોલ્યા !

'જે બન્યું છે તેનાથી મને ભારે ખેદ થયો છે.

'પણ અહીં ગાડીમાં પુરાયેલો હું શું કરું !

'મને ખૂબ શરમ ઊપજે છે.

'તમે કહો તે પ્રાયશ્ચિત્ત કરવા હું તૈયાર છું.

'તમે એ પથરાથી મને મારો.

'લાવો, એ પથરો મને આપો.

'જો તમારા દિલને શાંતિ થતી હોય, તો એ પથરાથી હું મારી જાતને સજા કરું.'

મહાદેવભાઈના આવા પ્રેમાળ શબ્દો સાંભળીને પેલો ગોરો જરા શાંત થયો.

અને થોડી વારમાં તો તે મહાદેવભાઈ સાથે મિત્રભાવે વાતો કરવા લાગ્યો.

મહાદેવભાઈએ સાર્જંટને ગાંધી આશ્રમ જોવા આવવાનું ભાવભર્યું આમંત્રણ આપ્યું.

તેમણે એ ગોરાનું નામ પૂછ્યું.

સાર્જંટે લખવા માટે કાગળની ચબરખી કાઢી.

મહાદેવભાઈએ લખવા પોતાની પેન આપી.

એટલામાં સાબરમતી જેલનો દરવાજો આવ્યો.

ગોરાએ પેન મહાદેવભાઈને પાછી આપવા માંડી.

એટલે મહાદેવભાઈ બોલ્યા :

'એ પેન આજના પ્રસંગ તરીકે ભલે તમારી પાસે રહે.

'અને પેલો પથરો મને આપી દો.'

સાર્જંટે પથરો તેમને આપ્યો.

મહાદેવભાઈએ પથરો ગાડી બહાર ફેંકતાં કહ્યું :

'આની માફક આ પ્રસંગની કડવી યાદ પણ ફેંકી દેજો.'

પેલો સાર્જંટ હસતાં હસતાં બોલ્યો :
'એ તો ક્યારનીય ફેંકાઈ ગઈ!'

## ૧૦

## સુખ-દુઃખ શું છે?

એક વાર રવિશંકર દાદા એમના એક મિત્ર સાથે અમદાવાદ ગયા હતા.

એ ભાઈના એક મિત્રને ત્યાં તેઓ ઊતર્યા હતા.

તે શ્રીમંત ગૃહસ્થ હતા.

તેમને ગાંધીજીનાં દર્શન કરવાની બહુ ઇચ્છા.

શિયાળાના દિવસો હતા.

સવારે કડકડતી ઠંડી પડતી હતી.

ત્રણે જણ સાબરમતી આશ્રમમાં જવા ચાલતા નીકળ્યા.

શેઠે ગરમ કોટ પહેર્યો હતો.

છતાં કડકડતી ઠંડીને લીધે એમનું શરીર ધ્રૂજતું હતું.

દાદાની નજર શેઠ ઉપર પડી.

દાદા પાસે એક કામળી હતી.

દાદાને ટાઢ નહોતી વાતી.

એટલે તેમણે પેલી કામળી શેઠને ઓઢવા આપવા માંડી.

પણ શેઠે કામળી ન લીધી.

પરંતુ દાદા જોતા હતા કે, શેઠનું શરીર ઠંડીને લીધે ધ્રૂજતું હતું.

એટલે દાદાએ ફરીથી કામળી લેવા આગ્રહ કરવા માંડ્યો.

પણ શેઠે ના પાડી.

આમ દાદાએ વિવેક ખાતર બેત્રણ વાર ફરી ફરીને આગ્રહ કર્યા કર્યો.

પણ શેઠે કામળી ન જ લીધી.

દાદા સાથે આવેલા મિત્ર જરા વ્યવહાર-કુશળ હતા.

તેમણે પાછળ રહીને દાદાનો હાથ દબાવી સાનમાં કહ્યું :

'હવે છાના રહો ને !'

ત્યારે દાદાને ખ્યાલ આવ્યો કે—

'આ ભરવાડની કામળી જેવી મારી કામળી !
'શ્રીમંત માણસના શરીર પર એ શોભે ખરી ?'

દાદા વિચારવા લાગ્યા :

'જે કામળી મને સુખ આપતી હતી,
'તે કામળી શેઠને શરમાવનારી હતી !'

'પણ જો એ જ કામળી કોઈ બિચારા ગરીબને આપી હોત તો ?

'એને તો સુંદર ગરમ શાલ જ લાગત.'

દાદાને મનમાં થયું :

'સુખ-દુઃખ જેવી દુનિયામાં કોઈ ચીજ નથી.

'સુખ-દુઃખ એ તો મનના ઘાટ છે.'

## ૧૧

## અર્જુને શું માગ્યું ?

કૌરવો અને પાંડવો વચ્ચે યુદ્ધ થવાનું નક્કી થઈ ગયું.

સો કૌરવોમાં સૌથી મોટો દુર્યોધન.

શ્રીકૃષ્ણે દુર્યોધનને ખૂબ સમજાવ્યો.

કૌરવો અને પાંડવો પિતરાઈ ભાઈ ભાઈ થાય.

કુટુંબમાં યુદ્ધ થાય એ સારું નહિ.

કુટુંબનો જ નાશ થાય.

પણ દુર્યોધન એકનો બે ન થયો.

આખરે યુદ્ધ જ એક ઉપાય રહ્યો.

આ યુદ્ધ 'મહાભારતનું યુદ્ધ' કહેવાય છે.

દુર્યોધનને થયું :

'અર્જુન શ્રીકૃષ્ણને વહાલો છે.
'અર્જુન શ્રીકૃષ્ણ પાસે દ્વારકા પહોંચી જશે.
'શ્રીકૃષ્ણને પાંડવ પક્ષમાં લડવા લઈ જશે.
'લાવ, હું જ પહેલો શ્રીકૃષ્ણ પાસે પહોંચી જાઉં.
'શ્રીકૃષ્ણને મારા પક્ષમાં આવવા માગણી કરું.
'શ્રીકૃષ્ણ તો સૌના છે.
'મારી માગણી તે જરૂર સ્વીકારશે.'

એમ વિચારીને દુર્યોધન રથમાં બેસીને દ્વારકા જવા ઊપડી ગયો.

આ બાજુ અર્જુન પણ શ્રીકૃષ્ણને મળવા નીકળ્યો !

શ્રીકૃષ્ણ પાંડવોના પક્ષમાં આવે તો સારું.
અર્જુન એ માગણી કરવા જ નીકળ્યો હતો.
અર્જુન અને દુર્યોધન એકી વખતે દ્વારકામાં દાખલ થયા !

'વહેલો તે પહેલો' એ ન્યાયે દુર્યોધન દોડ્યો.
તે શ્રીકૃષ્ણના મહેલમાં પહેલો દાખલ થયો.
શ્રીકૃષ્ણ પથારીમાં શાંતિથી સૂતા હતા.
શ્રીકૃષ્ણના માથા આગળ એક આસન હતું.
દુર્યોધન એ આસન પર બેઠો.
થોડી વાર પછી અર્જુન આવ્યો.

તે શ્રીકૃષ્ણનાં ચરણ આગળ બેઠો.
થોડી વાર પછી શ્રીકૃષ્ણ જાગ્યા.
તેમણે પગ આગળ બેઠેલા અર્જુનને જોયો.
શ્રીકૃષ્ણે પૂછ્યું :
'કેમ અર્જુન, દ્વારકા આવવાનું થયું ?'
દુર્યોધનને થયું :
'અરે, શ્રીકૃષ્ણે મને નહિ જોયો !'
તેણે શ્રીકૃષ્ણનું ધ્યાન ખેંચવા ખોંખારો ખાધો.
શ્રીકૃષ્ણે માથા ભણી જોયું.
દુર્યોધન પણ આવીને બેઠો છે.



શ્રીકૃષ્ણ આનંદ પામતા બોલ્યા :

'વાહ ! તમે બંને અંદરોઅંદર સમજી ગયા.

'સુલેહસંપથી રહેવા તૈયાર થઈ ગયા.

'એ બહુ સારું કર્યું.

'હવે બધું ગોઠવવા માટે તમે મારી સલાહ લેવા સાથે આવ્યા લાગો છો.

'ચાલો, આપણે સાથે બેસીએ.'

ત્યાં તો દુર્યોધન અકળાઈને બોલ્યો :

'શ્રીકૃષ્ણ, એવું કશું નથી.

'યુદ્ધ એ જ એક ઉપાય છે.

'યુદ્ધ હવે થનાર જ છે.

'હું તો આપની પાસે માગણી કરવા આવ્યો છું.

'આપ અમારા પક્ષમાં રહેજો.

'યુદ્ધમાં અમને મદદ કરજો.'

શ્રીકૃષ્ણ સ્મિત ફરકાવતા બોલ્યા :

'ભાઈ દુર્યોધન, મારે મન તમે બંને સરખા.

'મારાથી કોનો પક્ષ લેવાય ?

'આ અર્જુન પણ આવીને બેઠો છે.'

દુર્યોધન બોલી ઊઠ્યો :

'શ્રીકૃષ્ણ, હું પહેલો આપની પાસે આવ્યો છું.

'જે પહેલો આવે, તેનો જ હક પહેલો.

'માટે મારો હક પહેલો.'

શ્રીકૃષ્ણ બોલ્યા :

'તમારી વાત બરોબર છે.

'પણ મેં અર્જુનને પ્રથમ જોયો છે.

'માટે એનો હક પહેલો ગણાય.

'પરંતુ એ વાત જવા દો.

'હું તો બંનેને મદદ કરવા તૈયાર છું.

'તમારી આગળ હું મારી વાત મૂકું છું.

'એ તમે ધ્યાન દઈને સાંભળો.

'પછી તમારે જે માગવું હોય, તે માગજો.'

શ્રીકૃષ્ણ થોડી વાર થોભી ગયા.

દુર્યોધન અને અર્જુન સાબદા થઈ ગયા.

શ્રીકૃષ્ણ ગંભીર બની બોલ્યા :

'એક બાજુ અમારી બળવાન મોટી સેના છે.

'બીજી બાજુ હું છું.

'અને મારી એક શરત છે :

'આ યુદ્ધમાં હું શસ્ત્ર ધારણ કરીશ નહિ.

'હવે તમે બંને આ બાબત પર શાંતિથી વિચાર કરો.

'પછી તમારે જે માગવું હોય, તે ખુશીથી માગો.'

આ સાંભળીને દુર્યોધન મનમાં વિચારવા લાગ્યો:

'કૃષ્ણ તો યુદ્ધમાં લડવાના નથી.

'તો પછી એવા શોભાના ગાંઠિયાનું કામ શું ?

'અમારે તો લડનાર જોઈએ.

'માટે એમની બળવાન મોટી સેના જ માગી લઉં.'

એમ વિચારીને દુર્યોધન બોલ્યો :

'શ્રીકૃષ્ણ, હું આપને ત્યાં પહેલો આવ્યો છું.

'માટે માગવાનો અધિકાર મારો પહેલો ગણાય.'

શ્રીકૃષ્ણ કહે :

'દુર્યોધન, અર્જુન તારા કરતાં ઉંમરે નાનો છે.

'માટે સાચી રીતે, નાનાને માગવાનો અધિકાર પહેલો.'

દુર્યોધનને શ્રીકૃષ્ણની વાત ન ગમી.

તેને મનમાં થયું :

'હું મારા સ્વાર્થ માટે કૃષ્ણ પાસે આવ્યો છું.

'નહિ તો હું અહીં આવું પણ નહિ.

'આજે સમો સાચવી લેવામાં જ સાર છે.'

એમ વિચારીને દુર્યોધન બોલ્યો :

'ભલે, ભલે! અર્જુન પહેલાં માગે.'

શ્રીકૃષ્ણે અર્જુન ભણી જોઈને પૂછયું :

'બોલ અર્જુન, તારે શું જોઈએ ?

'મારી બળવાન મોટી નારાયણી સેના કે શસ્ત્ર નહિ ધારણ કરનાર હું ?'

અર્જુન હાથ જોડીને બોલ્યો :

'ભગવાન, મારે તો શ્રીકૃષ્ણ જ જોઈએ.'

એ સાંભળીને દુર્યોધન રાજી રાજી થઈ ગયો.

તેને મનમાં થયું :

'આ અર્જુન સાવ મૂરખ છે !

'તે આબાદ થાપ ખાઈ ગયો !

'માગવા જેવી તો સેના હતી.

'પણ તેણે માગ્યા કૃષ્ણ !

'હું તો ફાવી ગયો !

'મારે જોઈતું હતું એ જ મને મળી ગયું.

'મારે ભાગે મોટી યાદવ-સેના આવી.

'મારું સંખ્યા-બળ વધ્યું.'

શ્રીકૃષ્ણ દુર્યોધન ભણી જોઈને બોલ્યા :

'દુર્યોધન, તમારા પક્ષમાં મારી મોટી નારાયણી સેના લડશે.

'તમને સંતોષ થયો કે નહિ ?'

દુર્યોધન આનંદ પામતો કહે :

'તમારી બળવાન સેના મારા પક્ષમાં તમે આપી.

'એથી મને ખૂબ જ આનંદ થયો છે.'

દુર્યોધનનું ધાર્યું કામ પતી ગયું.

એટલે તે તરત જ ત્યાંથી જતો રહ્યો.

દુર્યોધન ગયો.

અર્જુન બેસી રહ્યો.

તેનું મન જાણવા શ્રીકૃષ્ણે કહ્યું :

'અર્જુન, તું તો ખરો છે !

'માગી માગીને આ શું માગ્યું ?

'હું તો યુદ્ધમાં લડનાર નથી.

'તો પછી મને માગવામાં તને શો લાભ ?

'મારી નારાયણી સેના માગી હોત તો ?

'તને કૌરવો સાથે લડવામાં તે કામ આવત.

'એ ખાતર જ મેં તને પ્રથમ માગવાનું કહ્યું હતું.'

'અર્જુન શ્રીકૃષ્ણનાં ચરણને સ્પર્શ કરીને બોલ્યો :

'ભગવાન અમને તો તમારી જ જરૂર છે.

'તમે અમારા પક્ષમાં રહો.

'અમને સલાહ-સૂચના આપો.

'અમારું રક્ષણ કરો.
'એમાં જ, અમારું કલ્યાણ છે.
'જ્યાં શ્રીકૃષ્ણ, ત્યાં જય.
'હે પ્રભુ ! મારી તમને નમ્ર વિનંતી છે:
'જો યુદ્ધ થાય, તો તમે મારા સારથિ બનજો.
'મને દોરજો.'
શ્રીકૃષ્ણ પ્રસન્ન થઈને બોલ્યા:
'અર્જુન, હું તારો સારથિ બનીશ.
'તારો જય થાઓ !'

હરિઃૐ

## હરિઃ ૐ આશ્રમ પ્રકાશન બાલ-કિશોર સાહિત્ય

| | | | |
|---|---|---|---|
| ૧. | શિશુ રામાયણ | (રંગીન ચિત્રો સાથે ગદ્ય) | ૧૦–૦૦ |
| ૨. | શિશુ મહાભારત | ,, | ૧૦–૦૦ |
| ૩. | વીર વિક્રમ | ,, | ૩–૫૦ |
| ૪. | લાકડાનો ઘોડો | ,, | ૩–૫૦ |
| ૫. | ઘેલા ભટ્ટ | ,, | ૩–૫૦ |
| ૬. | શૈશવની ફોરમ | — | ૨–૭૫ |
| ૭. | મનની મોટાઈ | — | ૨–૨૫ |
| ૮. | છીપલાંનાં મોતી | (સચિત્ર) | ૫–૦૦ |
| ૯. | અમીછાંટણાં | — | ૩–૦૦ |
| ૧૦. | મહેનતની મીઠાશ | — | ૩–૦૦ |
| ૧૧. | ધરતીની મહેક | (રેખાચિત્રો સાથે) | ૩–૦૦ |
| ૧૨. | ગાગરમાં ભર્યો સાગર | ,, | ૩–૦૦ |
| ૧૩. | બાલવાડીનાં ફૂલડાં | — | ૩–૦૦ |
| ૧૪. | વાંચવા જેવી વાતો | (રેખાચિત્રો સાથે) | ૨–૫૦ |
| ૧૫. | (મૂડી મહાન) મોટાની મહાનતા | ,, | ૮–૦૦ |
| ૧૬. | પૂજ્યશ્રી મોટા | — | ૨–૦૦ |
| ૧૭. | રસભરી વાતો | (રેખાચિત્રો સાથે) | ૩–૦૦ |
| ૧૮. | મોટાઇની ચડસાચડસી | ,, | ૩–૦૦ |
| ૧૯. | પીડ પરાઈ જાણે રે | ,, | ૩–૦૦ |
| ૨૦. | સાચને કદી આંચ નહિ | ,, | ૩–૦૦ |
| ૨૧. | મીઠી મઝાની વાતો | ,, | ૩–૦૦ |
| ૨૨. | સુવર્ણની માયા | ,, | ૩–૦૦ |
| ૨૩. | પ્રેરણાનું ભાથું (૫૦ પ્રેરક પ્રસંગો) | ,, | ૬–૦૦ |
| ૨૪. | માતૃદર્શન | ગદ્ય | ૮–૦૦ |
| ૨૫. | હબસીઓનો પનોતો પુત્ર | ગદ્ય | ૮–૦૦ |
| ૨૬. | શૂન્યમાંથી સર્જન | ગદ્ય | ૬–૦૦ |

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ–૩૮૦ ૦૦૧